

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




ન ગમતા નિર્ણયો અને માણસો એને નડે છે,
કાવાદાવા, કેસ-કબીલા સુપ્રીમ સુધી લડે છે,
ચડે છે વકીલોનું મીટર, એની જીદને કારણ -
ચલવાઇ ગ્યા કરોડો છતાં હિસાબ કયાં મળે છે?!
(સરકારી નાણાંની બરબાદી)




અડવાણીજી -
'લાલ', ઘડીમાં કૃષ્ણ!
બદલે રંગ..
(મહત્ત્વાકાંક્ષાનો કાચંડો)

છે સૌનાં ભાભી,
ગરીબની વિધવા -
વરેશ સિંહા..
(બત્રીસી વચ્ચે જીભ, બિચારી)

## ચિંતન

*પુત્ર પૌત્રવધૂ ભૃત્યૈઃ સંપૂર્ણમપિ સર્વદા ।*
*ભાર્યા હીન ગૃહસ્થસ્ય શૂન્યમેવ ગૃહં મતમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'માંથી આ શ્લોક છે :

'પુત્રો હોય, પુત્રીઓ હોય, પૌત્રો અને દોહિત્રો હોય, પુત્રવધુઓ હોય, અને નોકરચાકરથી ઘર હર્યુંભર્યું હોય, તો પણ જો પોતાની 'પત્ની' ન હોય તો ગૃહસ્થને ઘર ખાલી-ખાલી જ લાગે છે.'

જેની સાથે અંગત ક્ષણોમાં સુખ-દુખની વાતો કરી હોય, એકમેકને આશ્વાસન આપ્યાં હોય, સ્નેહ-પ્રેમની આપ-લે થઇ. બિમારી-મુશ્કેલી-આપત્તિઓમાં એકમેકનો સધિયારાં થયાં હોય બંનેનાં હૃદયમાં શુદ્ધ-ત્યાગ-સમર્પણની ભાવના હોય ત્યારે જો 'પતિ' પાછલી અવસ્થામાં એકલો પડી જાય ત્યારે ઘર હર્યું-ભર્યું હોય છતાં 'એકાંત' અનુભવે છે.

આ તો થઇ, સદ્‌ગુણી-આદર્શ પત્ની/પતિની વાત બાકી પતિ વ્યસની-વ્યભિચારી હોય તો સ્ત્રી વ્યવહારમાં તો 'વૈધવ્ય' પાડે પણ અંદરથી 'હાશ'કારો જ અનુભવતી હોય છે,

એવી જ રીતે કજીયારી, શંકાશીલ, બેજવાબદાર, ઇચ્છાચારી, બેદરકાર સ્ત્રીના ગયા પછી તુકારામ-સોક્રેટીસ અને નરસિંહ મહેતા સહિત નો'તા બોલી ઊઠ્યા - 'ભલું થયું ભાંગી જંજાળ!!'

## સુવિચાર

- વૃદ્ધિથી હરખે નહીં, હાનિથી નહીં શોક, સમબુદ્ધિ જેની રહે, એવા વિરલ કોક - ***સુભાષિત***
- આપણો અભિગમ એવો છે કે આપણે ઇશ્વર અને માણસ બંનેને જુદા સ્વરૂપે નીરખીએ છીએ એટલે જ ધ્વૈત ભાવ જન્મે છે, નરમાં જ નારાયણનું રૂપ નીરખવાથી આત્મા પરમાત્માનો ભેદ આપોઆપ નષ્ટ થઇ જશે - ***ડો. ચન્દ્રકાન્ત***
- ખુદીને છોડ્યા વગર ખુદા હાથ ન આવે - ***અમૃત બિંદુ***
- દેવોને જીતાડવા માટે પોતાના અસ્થિનું દાન કરનાર દધીચિ ઋષિ પાસે ધન નહોતું, પણ ઉદાતકાર્ય માટે સર્વસ્વનું સમર્પણ કરવાની ઉમદા ભાવના હતી - ***ધર્મસૂત્ર***
- તૃષ્ણા ભક્તિ જ માણસમાં દેવત્વ પ્રગટવા-પ્રગટાવવાને આડે આવતો અંતરાય છે, એટલે જ તૃષ્ણાને વૈતરણી કહેવામાં આવે છે - ***જનકલ્યાણ***
- વાણીની ચાર વિશેષતા હોય તો બેડો પાર. એક-સત્ય વચન, બે-વ્યર્થ બોલવું એના કરતાં મૌન ધારણ કરવું, ત્રણ-ધર્મયુક્ત બોલવું, ચાર-પ્રિય બોલવું - ***અખંડ આનંદ***
- પશ્ચાતાપ એટલે નિજના ન્યાયાલયમાં જાતે અપરાધી તરીકે હાજર થવાનો પ્રયત્ન અને જીવન દેવતા પાસે આકરી સજા માંગી લેવાની સ્વયંભૂ અભિલાષા - ***અનામી***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

વ્યસન, ટેવ, આદત, લત એક જાતની 'ગુલામી' જ છે. એકવાર તેને તાબે થનાર જિંદગીભરનો ગુલામ થઇ જાય.

એક પ્રયોગશાળામાં આવી આદતો છોડવવા માટેની 'રસી' શોધવા પ્રયોગ ચાલતા હતા. થોડાંક 'સસલાં' ઉપર વૈજ્ઞાનિકો-આવાં ઘેન અને માદક દ્રવ્યો-ડ્રગ્સ, દારૂ વગેરેના ઇન્જેકશન આપી નિરીક્ષણ કરતા હતા.

આમાંનું એક સસલું ગમે તેમ કરી નાશી ગયું. જંગલમાં જઇ પોતાના સમાજ સાથે ભળી મુક્ત-સ્વાતંત્ર્યનો આનંદ લઇ લીલું ઘાસ ખાવા લાગ્યું. પણ રાત પડે ને બેચેન થઇ જાય. હાથ-પગ ઘસે-માથાં પછાડે-ઊંઘ ન આવે... વગેરે જાત ભાઇઓ એ કારણ પૂછ્યું - પેલું ભાગેડુ સસલું બોલ્યું હું પાછું પ્રયોગશાળામાં જાઉં છું. મને ઇન્જેકશન લીધા વિના ચેન નહીં પડે ઊંઘ નહીં આવે!

સમજુ સસલાંઓ એ અહીં મુક્ત જંગલમાં સ્વતંત્રતા મુક્તિ જે આનંદ છે તને ત્યાં પાંજરાની ગુલામીમાં નહીં મળે. થોડા વખત છટપટાહટ સહન કરી લે!

અર્ધી રાત્રે સસલું દોડી દોડી ફરી પ્રયોગ શાળાના દ્વારે પહોંચી ગયું. વૈજ્ઞાનિકે બારણું ખોલ્યું. સસલું સીધું જ ઇન્કેજશન ટેબલ પર ગોઠવાઇ ગયું!'

વૈજ્ઞાનિકે નિરીક્ષણ પોથીમાં 'અગત્યની નોંધ' - લખી.

Email - sureshchandrabhatt18@gmail.com

# વાસ્તવિક જીત તો આપણા મજબૂત ઈરાદાઓ, મક્કમતા, મહેનત, પ્રયત્નો અને ખાસ તો સકારાત્મક વિચારોથી જ થતી હોય છે

## હિંમતે મર્દા તો મદદે ખુદા

*- લક્ષ્મી વાધવાણી (નિરંકારી)*

અમેરિકાનો આ કિસ્સો છે. રોબીન નામનો એક યુવક ને ધંધામાં ખૂબ નુકશાન ગયું. તેના માથે ખૂબ દેવું ચડી ગયું જેને કારણે તમામ જમીન, જાયદાદ બધું જ ગિરવે રાખવું પડ્યું. આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે હંમેશા થતું આવ્યું છે તેમ મિત્રો, સગા-સંબંધીઓએ મોં ફેરવી લીધું કે કયાંક આપણી પાસેથી ઉધાર ના માગે. આવી હાલત થતાં તે ખૂબ હતાશ થઇ ગયો. કારણ, કયાંય આશાની કોઇ કિરણ દેખાતી નહોતી.

નિરાશ અને હતાશ રોબીન એક વાર પાર્કમાં બેઠો બેઠો વિચારોમાં ખોવાયો હતો. ત્યાં એક વયસ્ક (વૃદ્ધ) આવીને તેની બાજુમાં બાંકડા પર બેઠા. તે દેખાવો સજ્જન અને પહેરવેશ તથા ચહેરાથી ખૂબ અમીર લાગતા હતા. સામાન્ય રીતે એવું કહેવાય છે કે અમેરિકા જેવા દેશોમાં લોકો ઓછા લાગણીશીલ હોય છે. પરંતુ, રોબીનના આશ્ચર્ય વચ્ચે તેમણે રોબીનને તેની ઉદાસીનું કારણ પુછ્યું. ભારે હૈયે રોબીને તેમને પોતાની પૂરી આપવીતી કહી દીધી. રોબીનની વાત સાંભળી એ વૃદ્ધે સાંત્વન આપતાં કહ્યું, 'દીકરા, તું ચિંતા ના કર, મારું નામ જોડ ડી. રોકફેલર છે. હું તને નથી ઓળખતો પણ તું મને પ્રમાણિક અને સાચો લાગે છે. એટલે હું તને દસ લાખ ડોલર ઉધાર આપવા તૈયાર છું જેનાથી તારું બધું દેવું ઉતારી દેજે અને નવેસરથી ધંધો શરૂ કરી દેજે. એમ કહેતાં તેમણે ખિસ્સામાં સહી કરેલી ચેકબુક કાઢીને તેમાં રકમ લખીને રોબીનને આપતાં કહ્યું, જો નવજુવાન, આજથી બરાબર એક વર્ષ પછી આપણે આ જ જગ્યાએ મળીશું ત્યારે તું મારૂં દેવું ઉતારી દેજે. જેટલી રકમ હું તને આપું છું એટલી તું મને પરત કરી દેજે. આટલું કહીને તે વૃદ્ધ ઉઠીને ચાલવા લાગ્યા.'



સુખદ રીતે આશ્ચર્યચકિત રોબીન એ સજ્જનો આભાર માને તે પહેલાં તે તેઓ જતા પણ રહ્યા હતા. કારણ, અમેરિકા જેવા દેશમાં આટલી મોટી મદદ એ પણ વણમાગી અને તે પણ સાવ અજાણી વ્યક્તિ પાસેથી મળે તો સ્વાભાવિક રીતે કોઇ પણ પણ વ્યક્તિ ભાન ભૂલી જાય. વળી, 'રોક ફેલર' એ અમેરિકાની ધનાઢ્ય વ્યક્તિઓ પૈકીની એક હતી. ચેક લઇને તેને તો જાણે પાંખો આવી ગઇ હોય તેમ ઘરે પહોંચ્યો. ઘેર જઇને તેણે સૌ પ્રથમ હિસાબ માંડવાનો શરૂ કરી દીધો. વીસમી સદીમાં દસ લાખ ડોલરની કિંમત આજ કરતાં પણ અનેક ગણી વધુ લાગતી. હિસાબ કરતાં તેને લાગ્યું ખરે જ હવે મારું બધું દેવું તો ઉતરી જ જશે, મારા મકાન, જમીન, જાયદાદ ગીરોમુક્ત થઇ જશે એટલું જ નહીં મારા ધંધાને શરૂ કરવા માટે પણ રકમ બચશે. બસ, પછી તો શું જોઇતું હતું, એકદમ જ નકારાત્મક વિચારોનું સ્થાન સકારાત્મક વિચારોએ લઇ લીધું. એનામાં વિચારવાની પૂરતી ક્ષમતા પાછી આવી ગઇ.

આપણે હંમેશા અનુભવ્યું છે તેમ મગજ સકારાત્મક વિચારે ત્યારે પૂરી સમજણ શક્તિ માણસમાં આવી જતી હોય છે. રોબીન સાથે પણ કંઇક આવું જ થયું તેણે ચેક જમા કરાવવા બેંકમાં જવાનો વિચાર હજુ કર્યો ત્યા જ તેને કંઇક ઝબકારો થયો અને તેને વિચાર આવ્યો, આ વૃદ્ધ એવી વ્યક્તિ કે જે મને ઓળખતી પણ નથી તેણે મારા પર વિશ્વાસ કર્યો. તેણે મારી ક્ષમતા પર પણ વિશ્વાસ કર્યો કે એક જ વર્ષમાં હું તેને તેની આટલી મોટી રકમ ચૂકવી દઇશ તો મને મારી જાત પર કેમ વિશ્વાસ નથી. હજી તો હું યુવાન છું, મારા હાથ-પગ સ્વસ્થ છે. મકાન, જમીન, જાયદાદ, હજુ ગીરવે જ ગીરવે જ મુકાઇ છે વેચાઇ નથી ગઇ. બસ, આ વિચારીને તેણે પાછો ઘરમાં પ્રવેશ કર્યો. અને ચેક સંભાળીને તિજોરીમાં મૂકી દીધો અને તેમ છતાં પણ સફળ ના થયો તો જ આ ચેક વટાવીશ. તેણે મહેનત અને લગનની બાજી સુધારવાની/પોતાનું બધું દેવું ચૂકવીને પ્રતિષ્ઠા પરત મેળવવાની શરૂઆત કરી દીધી. રોબીન પર એક જ ધુન સવાર હતી કે મારે પાછા સદ્ધર થઇ જવું છે. તેણે સંપૂર્ણપણે પોતાને સમર્પિત કરી દીધો. પછી તો કહે છે ને 'હિંમતે મર્દા તો મદદે ખુદા' સકારાત્મક વિચારો સાથે શરૂ કરેલ મહેનત રંગ લાવવા લાગી. નસીબે પણ સાથ આપ્યો. સૌ પ્રથમ લોકોનું દેવું ચૂકવવાની શરૂઆત કરી. ધીમે ધીમે મકાન, જમીન, જાયદાદ, ગીરોમુક્ત કરી દીધી.

આમ, એક વર્ષમાં તો તેની આર્થિક સ્થિતિ ખૂબ સુધરી ગઇ હતી. 'જોન ડી. રોકફેલર' એ ચેક આપ્યાને બરાબર એક વર્ષ થયું ત્યાં રોબીન તે રોકફેલર નામનાં વૃદ્ધે આપેલ ચેક લઇને નક્કી થયેલાં પાર્કમાં નિયત સમયે પહોંચી ગયો અને તેમની રાહ જોવા લાગ્યો. એટલામાં તેઓ દૂરથી આવતા દેખાયા. રોબીન તરત તેમની પાસે ગયો અને ખૂબ શ્રદ્ધાપૂર્વક તેમનું અભિવાદન કર્યું અને ચેક કાઢીને તેમનાં હાથમાં મૂકવા ગયો ત્યાં જ દૂરથી એક નર્સ દોડતી આવી અને ઝપટ મારીને તેમને પકડી લીધા. રોબીન હેરાન થઇ ગયો કે આ નર્સ આટલા ધનાઢ્ય સજ્જન સાથે આવું વર્તન કેમ કરતી હશે? પણ ત્યાં જ નર્સ બોલી, 'આ પાગલ અવારનવાર પાગલખાનામાંથી ભાગી જાય અને લોકોને પોતે 'જોન ડી. રોકફેલર' છે એમ કહીને ચેક વહેંચતો ફરે છે. હવે તો રોબીન વધુ હેરાન થઇ ગયો કે આ શું? તે વધુ કંઇ સમજે તે પહેલાં જ તેને વિચાર આવ્યો. 'શું જે ચેકના સહારે મેં પોતાનો ડૂબેલો કારોબાર ફરી વિકસાવ્યો, મકાન, જમીન ફરી મેળવી લીધા, લોકોના દેવા ચૂકવ્યા એ ચેક નકલી હતો? ભલે મેં એ ચેક વાપર્યો નહિ જ પણ મારૂં બળ/સહારો તો એ ચેક જ હતો ને? હું એ વાત કઇ રીતે ભુલી શકું.'

રોબીન વિચારતો રહ્યો અને નર્સ નકલી રોકફેલરને લઇને જતી પણ હતી. રોબીનને હવે વિચાર આવ્યો કે આ અનુભવ પરથી તો એવું જ સાબિત થાય છે વાસ્તવિક જીત તો આપણા મજબૂત ઇરાદાઓ, મક્કમતા, મહેનત, પ્રયત્નો અને ખાસ તો સકારાત્મક વિચારોથી જ થતી હોય છે. આપણે સૌ જો પોતાની જાત પર વિશ્વાસ રાખીએ તો ગમે તેવા વિપરીત સંજોગોમાં/વિપરીત પરિસ્થિતિઓમાં પણ રસ્તો નીકળી શકે છે. કારણ કે, 'ભગવાન પણ એની મદદ કરે છે જે પોતાની મદદ કરે છે. અને વળી 'હિંમતે મર્દા તો મદદે ખુદા' એમનેમ ઓછું કહેવાય છે?'

# વિશ્વમાં અનેક જળસ્ત્રોતો છે જેને 'હોલી બાથ વોટર' કહે છે જેમાં નાહવાથી વ્યાધિઓમાંથી મુક્તિ મળે છે પણ તેવું માનવામાં આવે છે અમુક ધર્મોમાં પણ એવી વિધિઓ છે જેમાં પ્રભાવી જળનું પાન, સ્નાન કરાવવામાં આવે છે

## જળ ચિકિત્સા (water Therepy)

## નિરામય

*- ડો. કેદાર ઉપાધ્યાય*



સૃષ્ટિ પંચવ્યૂતાત્મક છે. શાસ્ત્રોમાં સૃષ્ટિ ઉત્પત્તિ ક્રમ તપાસી તો તેમાં પંચમહાભૂત તેમજ તેની તન્માત્રાઓ (ગુણો) પંચમહાભૂતોમાંથી જ બનેલી છે, તેના વડે જ સ્થાયી છે અને તેમાં જ લય પામશે. આ મહાભૂતો એટલે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી. દરેકને પોતાના આગવા ગુણો છે. (ચીનમાં પણ પંચમહાભૂતોને Concept છે. તેમાં વાયુ અને આકાશની જગ્યાએ લાકડું અને ધાતુનો સમાવેશ કરાયો છે.)

હવે જયારે સર્વસૃષ્ટિ આ મહાભૂતો પર જ નભતી હોય તો સ્વાભાવિક છે કે તેનો સમ્યક્ ઉપયોગ શરીર તેમજ મનના વિકારોને શાંત કરી જ શકે. આ આધારે જ નિસર્ગોપચારનો જન્મ થયો. શરીરમાં જે કંઇ વિકારો ઉત્પન્ન થાય છે તે આ મહાભૂતો કે જે શરીરમાં રહેલા છે, તેની ગરબડથી જ થાય છે. આ ગરબડને જે - તે મહાભૂતો વડે જ ઠીક કરવામાં આવે તો ધાર્યું પરીણામ મળે. વળી, આ પંચમહાભૂતો દ્વારા કરાતી ચિકિત્સાનો બીજો ફાયદો એ કે આ ચિકિત્સાના તત્ત્વો વિપુલ માત્રામાં ઉત્પલબ્ધ છે અને તેથી સસ્તા છે. (જો કે, હાલ નેચર કયોરનાં નામે હજારો - લાખોના પેકેજ પડાવવામાં આવે છે એ જુદી વાત છે)

આ પંચમહાભૂતોમાંનું એક મહાભૂત એટલે જળ, અને તેનાં દ્વાર કરાતી ચિકિત્સા એટલે જળચિકિત્સા. આમ તો આ જળચિકિત્સાના મૂળ ઘણા ઊંડા છે. ઇતિહાસના થોથા ખોલીએ તો જણાય કે ભારતીય વૈદિક તેમજ સંહિતાકાળ, મિસર,`મેલોપોટેમીયા તેમજ પ્રાચીન ગ્રીક- રોમન સંસ્કૃતિ પણ જળના પ્રભાવો વીશે જાણતી હતી અને એ સમયે જળની ચિકિત્સાના પરિબળ તરીકે ઉપયોગ થતો હતો. ગ્રીકનો મહાન તબીબ હિપ્પોક્રેટસે (એ જ તબીબ કે જેના નામે ડોકટરોને શપથ લેવડાવવામાં આવે છે, અને જે આધુનિક તબીબી શાસ્ત્રનો પિતા માનવામાં આવે છે તે, નિસર્ગોપચારનો પ્રચાર હિમાયતી હતો) પોતાના ચિકિત્સાલયમાં સૂર્યચિકિત્સા તથા જળચિકિત્સા માટેનાં ખાસ ક્ષેત્રો બનાવેલા હતા. આ ક્ષેત્રો પ્રતિબંધીત હતા. એટલે કે દર્દીઓ સિવાય અહીં કોઇનેય પ્રવેશ નહીં. દર્દીઓ હિપ્પોક્રેટેસના આ ચિકિત્સાલયમાં દિવસો - મહિનાઓ સુધી રોકાતા (ઇનડોર!!) અને પ્રાકૃતિક ચિકિત્સા વડે નિરામય બનતા.

આપણા આયુર્વેદમાં પણ જળચિકિત્સાના અનેક પ્રકારે વર્ણનો છે. એકાદ સંદર્ભની વાત કરીએ તો આયુર્વેદમાં 'હંસોદક'નું વર્ણન છે. આમા પાણીને શરદઋતુમાં સૂર્યનો તાપ સીધો પડે તેમજ ચંદ્રની ચાંદની પણ પડે તેવી રીતે ચોવીસ કલાક રાખવાનું હોય છે. આ પાણી પીવાથી શરદઋતુમાં થતાં રોગોમાં આરામ મળે છે.

આપણે પણ જાણ્યે અજાણ્યે જળચિકિત્સાનો ઉપયોગ રોજીંદા જીવનમાં કરતાં જ હોઇએ છીએ. ઘણાં લોકોને સવારે ઊઠીને રોજ એકાદ-બે લોટા પાણી પીવાની આદત હોય છે. ઘમા લોકો ત્રાંબાના વાસણમાં રાખેલ પાણી પીવે છે. આ એક પ્રકારની જળચિકિત્સા જ છે એમ જોઇએ તો ગરમ કે ઠંડા પાણીથી કરાતું સ્નાન પણ જળચિકિત્સા જ છે. સ્નાનના કારણે શરીર તો સ્વચ્છ તેમજ પ્રફુલ્લિત થાય જ છે. પરંતુ માનસિક રાહત પણ મળે છે. થાકમાં ારામ જણાય છે. એક બાબત અનુભવીને જોજો, સ્નાન કર્યા બાદ તરત અમુક સમય સુધી, ખરાબ વિચારો નથી આવતા. આ સ્નાનની મન પર થતી અસર છે. હાલ 'શાવર મેડિટેશન' પણ ઘણું ચર્ચામાં છે. પાણીના ફુવારા નીચે ઉભા રહી. ફુવારો માથા પર પડે તે રીતે ઊભા રહીને, બંને કાનને આંગળી વડે બંધ કરવા, આંખો બંધ કરવી. આમ કરવાથી આપણે જાણે કે વિશાળ સમુદ્રની સામે બેઠા છીએ તેવો ભાસ થાય છે. જાણે કે બીજી જ દુનિયામાં પહોંચી ગયા હોઇએ તેવું લાગે. ઘણી માનસિક રાહત અનુભવાય. આ પણ એક પ્રકારની જળચિકિત્સા જ છે. આ ઉપરાંત ભીની ચાદર ઓઢવી. કોઇ એકાદ અંગનું પ્રક્ષાલન, બાષ્પસ્નાન, ભીની પટ્ટીઓ ને શરીર પર મુકવી. આ ઉપરાંત અલગ અલગ રંગની બોટલોમાં રાખેલ જળ વડે પરિષેક અથવા જળનું પાન કરવું આદિ વિશ્વમાં અનેક જળસ્ત્રોતો છે જેને 'હોલી બાથ વોટર' કહે છે જેમાં નાહવાથી વ્યાધિઓમાંથી મુક્તિ મળે છે પણ તેવું માનવામાં આવે છે અમુક ધર્મોમાં પણ એવી વિધિઓ છે જેમાં પ્રભાવી જળનું પાન, સ્નાન કરાવવામાં આવે છે.

આમ, જળચિકિત્સા સિદ્ધ થયેલ બાબત છે. વર્ષોથી પ્રચલનમાં છે. જો યોગ્ય નિષ્ણાંતની સલાહ હેઠળપૂર્વક ચિકિત્સાનો લાભ લેવામાં આવે તો ચોક્કસ ફાયદો થઇ શકે.

# આજ તારા મુખે મમ્મી શબ્દ સાંભળી હું ધન્ય થઈ ગઈ, મને આ ઉંમરે પૈસાનો મોહ નથી, પૈસાની હું જરાકે ભૂખી નથી, પ્રેમની ભૂખી છું, હેમા તો આ શબ્દો સાંભળી છક થઇ ગઇ, પશ્ચાતાપનાં આંસુ લૂંછી દોડીને મમતાને પગે પડી

## લોટરી લાગી

*- જય ગજ્જર*

મમતા ઠાકર આજ રામ મંદિરે દર્શન કરી પાછા ફરતી વખતે નવરાત્રીનો પહેલો દિવસ હોવાથી લોટરીની એક ટીકીટ ખરીદતાં આવ્યાં. ચાર મહિના પહેલાં ટોરેન્ટો આવ્યાં ત્યારથી માનસિક શાંતિ માટે દરરોજ મંદિર જવાનો ક્રમ નક્કી કર્યો હતો. કયારેક જીતી જવાય તો સુખેથી નિવૃત્ત જિંદગી જીવવા વતનમાં પાછા ફરાય એ જ એક ઝંખના હતી!

ચાર મહિના ચાર યુગ જેવા લાગ્યા હતા. તો છ સાત વર્ષ હેમાં સાથે કેવી રીતે જશે એની કલ્પના માત્ર કંપારી છૂટાવતી. એ હેમાનો સ્વભાવ જાણતાં હતાં એટલે પરદેશનો મોહ નહોતો. દીકરા રાકેશે બહુ આગ્રહ કરી કહ્યું, "મમ્મી હેમા ચારેક મહિનામાં ખોળાનો ખૂંદનાર આપવાની છે. એને સથવારો આપવા અને આવનાર વારસદારને દાદીમાંનો પ્રેમાળ સાથ અને સંસ્કાર આપવા ચાર પાંચ વર્ષ આવી જાઓ ને?"

દીકરાની ફોન પરની વાતોમાં લાગણી અને પ્રેમ ટપકતાં જોઇ મમતાએ બીજો કશો વિચાર કર્યા વિના હા પાડી દેતાં દીકરાએ ટિકીત મોકલી એટલે મમતા આવી ગયા. એમને હતું કે પરદેશ જઇ હેમાં સુધરી ગઇ હશે! પણ પહેલાં દિવસથી જ કડવા અનુભવ થવા લાગ્યા. દીકરામાં પ્રેમનો ધોધ વહેતો જયારે વહુનાં વર્તનમાં અગનજવાળા ભભુકતી. પ્રેમથી વાત કરવાને બદલે ઉભરો જ કાઢતી, "સ્કૂલના છોકરાઓ પર હૂકમો છોડતાં. અહીં એ નહિ ચાલે! દેવું કરીને તમારી ટીકીટ મોકલી છે! ઘરનું બધું કામ કરવું પડશે, સમજ્યાં ?"

હેમાની વાણીમાં અને વર્તનમાં તુચ્છકાર અને તિરસ્કાર અનુભવતાં એક દિવસ ધીરેથી કહી દીધું, "હું કયાં ના પાડું છું! પણ જરા પ્રેમથી વાત કર ને!"

સાંજે ઓફિસેથી રાકેશ આવ્યો ત્યારે ખોટો ઓહાપો કરી હેમાએ મમતા પર ખોટો ઉભરો કાઢ્યો. પતિ-પત્ની વચ્ચે નાહક મનદુઃખ થાય એટલે મમતાએ શાંત રહેવામાં ડહાપણ માન્યું.

એક દિવસ તો કહી દીધું, "વહુ તમને ભારરૂપ થતી હોઉં તો દેશમાં પાછી મોકલી દો!"

"મહામહનતે લોન મેળવી છે! ઘરનું પુરૂં નથી થતું તો હવે ટિકીટના પૈસા કયાંથી કાઢવા? ચાર કલાક કયાંક કામ શોધી કાઢો તો ઘરમાં કંઇક મદદ થાય! પેન્શનના પૈસાનું શું કરતા હતા?"

"હું કયાં આ નરકમાં ફસાઇ ગઇ?" બોલતાં બોલતાં મમતાની આંખો ભીની થઇ ગઇ!

"આ નરક છે તો અવારનવાર પૈસાની ભીખ કેમ માંગતા હતા?"

રોજની આવી રામાયણમાંથી છૂટવા એ શાંતિ માટે મંદિરમાં જવા લાગ્યા. દીકરો બબ્બે જગ્યાએ કાળી મજૂરી કરતો એ એમનાંથી જોયું નહોતું જતું. દીકરો છાનેમાને માને 'બચત માટે છે લે' એવો આગ્રહ કરી અવારનવાર દશવીસ ડોલર આપતો. એ એમની રૂમમાં ઓશિકા નીચે સંતાડી રાખતાં તેના ચારસો ડોલર થયા હતા. એમાંથી દર મહિને 'ઇનામ લાગી જાય તો દીકરાને મદદ કરું' એ આશાએ લોટરીની ટિકીટ ખરીદી ભજનની ચોપડી વચ્ચે મુકી દેતાં.

એક દિવસ ભજનની ચોપડીમાં લોટરીની ટીકીટ જોઇ જતાં હેમા ઉછરી, "આ ટિકીટ ખરીદવા પૈસા કયાંથી લાવ્યાં? ઘરમાંથી પૈસાની તફડંચી કરવા લાગ્યાં છો?"

મમતા શો જવાબ આપે? ચૂપ રહેવામાં ડહાપણ માન્યું.

સાંજે રાકેશને ફરિયાદ કરી, "હવે પૈસા ઠેકાણે રાખજે. તારી મા પૈસાની ચોરી કરવાં માંડી છે."

"નવરાત્રી હોવાથી મંદિરમાં નાખવા મેં આજ સવારે દશ ડોલર આપ્યાં હતા!"

"એ તો કંઇ બોલેલાં નહિં! તું પણ એના પક્ષમાં ભલી ગયેલો લાગે છે! ઘરમાં તૂટ પડે છે અને મંદિરમાં નાખવા પૈસા આપે છે!"

અનેક કડવાં વેણ કહી મહાભારત સર્જ્યું.

બીજે દિવસે સદ્‌ભાગ્યે મમતા એની ટીકીટ પર વીસ મિલિયન ડોલર જીતી. એણે વહુને બોલાવી કહ્યું, "વહુ લો આ ટિકીટ. રાજેશ સાથે જઇ પૈસા લઇ આવજો. મારી ઇન્ડિયાની ટીકીટ એમાંથી લેતા આવજો. બાકીના બધા પૈસા તમને મન ફાવે તેમ વાપરજો અને સુખી થજો! કયારેક આ ડોશીને યાદ કરજો!"

"મમ્મી, આના કેટલા રૂપિયા થાય એ ખબર છે?"

"હાં, મને બધી ખબર છે! આજ તારા મુખે મમ્મી શબ્દ સાંભળી હું ધન્ય થઇ ગઇ. મને આ ઉંમરે પૈસાનો મોહ નથી. પૈસાની હું જરાકે ભૂખી નથી, પ્રેમની ભૂખી છું."

હેમા તો આ શબ્દો સાંભળી છક થઇ ગઇ. પશ્ચાતાપનાં આંસુ લૂંછી દોડીને મમતાને પગે પડી.

એના માથે હાથ મુકી મમતા બોલ્યાં, "સુથી થજો બેટા! ધનના ઢગલા દેખી છક ના થતાં! સૌ પર સદા અમી દૃષ્ટિ રાખજો!"

શબ્દો પુરા કરી સંતોષ અનુભવતાં એમની રૂમમાં જઇ દેશ જવા એમની સૂટકેસ તૈયાર કરવા લાગ્યાં.